"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફનં. તા: 03/05/૨૦૧૮

સુરત

તંત્રીશ્રી, ______________________

જાત નીચેની પ્રેસનોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ

(signature)

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## <u>સુરત માંથી ૨૫૧મી કિડનીનું દાન.</u>

### લેઉવા પટેલ સમાજના બ્રેનડેડ સુરેશભાઇ ભીખાભાઇ ધોરી ના પરિવારે કિડની અને ચક્ષુઓનું દાન કરી ચાર વ્યક્તિઓને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી.

નામ: સુરેશભાઇ ભીખાભાઇ ધોરી ઉ. વ. ૪૦ બ્લડગ્રુપ: B+ve

હીરાના વેપાર સાથે સંકળાયેલ હતા.

રહેવાસી: બી-૪, શ્રી રામનગર સોસાયટી, હિરાબાગ, વરાછા, સુરત

મૂળ રહેવાસી: ગામ. ગુંદાળા (ટાણા), તા. શિહોર, જી. ભાવનગર

કૌટુંબિક વિગત: પત્ની: મીનાક્ષીબેન સુરેશભાઇ ધોરી ઉ.વ. ૩૯

પુત્ર: પ્રેમિશ સુરેશભાઇ ધોરી ઉ.વ. ૧૬

પાસોદરામાં આવેલ જે. બી. ડાયમંડ સ્કુલમાં ધોરણ ૧૧માં અભ્યાસ કરે છે.

પિતા: ભીખાભાઇ રત્નભાઈ ધોરી ઉ.વ. ૬૩

હીરાના વેપાર સાથે સંકળાયેલ છે.

માતા: અમૃતબેન ભીખાભાઇ ધોરી ઉ.વ. ૬૧

૨...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



<u>બનાવની વિગત:</u>

ગુરુવાર તા. ૩૧ મે ૨૦૧૮ના રોજ રાત્રે ૯:૩૦ કલાકે સુરેશભાઇએ માથામાં દુઃખાવાની ફરિયાદ કરી હતી. ત્યારબાદ અચાનક ચક્કર આવતા અને ઉલ્ટી થતાં તેઓ નીચે ઢળી પડ્યા હતા. પરિવારે તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં આયુષ I.C.U એન્ડ મલ્ટી સ્પેશીયાલીસ્ટ હોસ્પીટલમાં ડૉ. પાર્થિવ પટેલની સારવાર હેઠળ દાખલ કરી સારવાર શરૂ કરી.

નિદાન માટે સીટી સ્કેન કરાવતા બ્રેન હેમરેજ હોવાનું તેમજ મગજમાં લોહીનો ગઠ્ઠો અને મગજ ઉપર સોજો હોવાનું નિદાન થયું હતું.

ત્યારબાદ વધુ સારવાર માટે શુક્રવાર, તા. ૧ જૂન ૨૦૧૮ ના રોજ રાત્રે ૧:૩૦ કલાકે તેમને INS હોસ્પીટલમાં ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલની સારવાર હેઠળ દાખલ કરી સારવાર શરુ કરવામાં આવી.

શનિવાર તા. ૨ જૂન ૨૦૧૮ ના રોજ ન્યુરોસર્જન ડૉ. અશોક પટેલ, ડૉ. ધવલ પટેલ, ન્યુરોફીજીશિયન ડૉ. અનિરુદ્ધ આપ્ટે અને ઇન્ટેન્સીવીસ્ટ ડૉ. અંકિત ગજ્જરે સુરેશભાઈને બ્રેનડેડ જાહેર કર્યા.

ઇન્ટેન્સીવીસ્ટ ડૉ. અંકિત ગજ્જરે ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાળાનો ટેલિફોનિક સંપર્ક કરી સુરેશભાઈના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઇફની ટીમ હોસ્પિટલ પહોચી સુરેશભાઇના પત્ની મીનાક્ષીબેન, પિતા ભીખાભાઇ, ભાઈઓ રમેશભાઈ તથા જિતેન્દ્રભાઈ તથા પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

સૌ પરિવારજનોએ જણાવ્યું કે આમારું સ્વજન જયારે બ્રેનડેડ છે અને તેમનું મૃત્યું નિશ્ચિત જ છે ત્યારે એમના અંગો બળીને રાખ થઇ જાય એના કરતાં તેમના અંગોના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની નું દાન લેવા આવવા જણાવ્યું.

3...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ના ડૉ. સુચેત અને તેમની ટીમે આવી કિડનીનું દાન સ્વીકાર્યું. જયારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની અમદાવાદના રહેવાસી શશી રાજેન્દ્રસિંગ પરિહાર ઉ.વ.૬૩ અને બીજી કિડની વડોદરાના રહેવાસી પીયુષ દિનેશભાઈ પટેલ ઉ. વ. ૪૧માં, અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)માં ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે.

અંગદાન મેળવવાની સમગ્ર પ્રક્રિયામાં સુરેશભાઇના પત્ની મીનાક્ષીબેન, પિતા ભીખાભાઇ, ભાઈઓ રમેશભાઈ તથા જિતેન્દ્રભાઈ તથા પરિવારના અન્ય સભ્યો, ન્યૂરોસર્જન ડૉ. અશોક પટેલ, ડૉ. ધવલ પટેલ, ન્યૂરોફીજીશિયન ડૉ. અનિરૂદ્ધ આપ્ટે, ઇન્ટેન્સીવીસ્ટ ડૉ.અંકિત ગજ્જર, INS હોસ્પિટલના સંચાલકો અને સ્ટાફ, તથા ડોનેટલાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રીશ્રી રાકેશ જૈન અને ટ્રસ્ટીશ્રી હેમંત દેસાઈનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૨૫૧ કિડની, ૧૦૧ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૭ હૃદય અને ૨૧૪ ચક્ષુઓના દાન મેળવીને ૫૮૬ વ્યક્તિ</u>ઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**